# અમીરગઢ બોર્ડર ઉપર ૨ કીલો ચરસનો જથ્થો ઝડપાયો

## ચરસ ગોવા લઈ જવાતું હોવાની આરોપીની કબૂલાત

રેન્જ આઈ. જી. જે. આર. મોથાલિયા અને બનાસકાંઠા એસ. પી.તરૂણ દુગ્ગલની સુચના મુજબ અમીરગઢ બોર્ડર પર વાહન ચેકિંગની કામગીરી ચાલી રહી હતી. આ દરમ્યાન અમીરગઢ પી. એસ.આઈ. એચ.એન.પટેલ સહિતની ટીમે એક શંકાસ્પદ ઈનોવા કારને રોકી તલાશી લેતાં ચોંકી ઉઠી હતી. જેમાં ઈસમ પાસે રહેલાં થેલામાંથી પોલીસે ૨ કિલો ચરસનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ સાથે ઈસમની પુછપરછમાં ચરસના જથ્થાની ડીલીવરી ગોવા આપવા જતો હોવાનું કબૂલ્યુ હતુ.

અમીરગઢ ચેકપોસ્ટ પર વાહનચેકિંગ દરમ્યાન કારમાંથી ચરસનો જથ્થો મળી આવતાં હડકંપ મચી ગયો છે. ગઈકાલે બપોરના સમયે અમીરગઢ પોલીસની ટીમ ચેકપોસ્ટ પર વાહન ચેકિંગમાં હતી. આ દરમ્યાન એક શંકાસ્પદ ઈનોવા કાર આવતાં તેને રોકી તલાશી લેતાં બેગમાંથી ચરસનો જથ્થો મળી આવતાં ડ્રગ્સ હેરાફેરીનો ઘટસ્ફોટ થયો છે. જેને લઈ પોલીસે કુલ ૫.૧૫ લાખનો મુદ્દામાલ ઝડપી પાડી એક ઈસમ સામે ગુનો નોંધી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ભારત અને ઈંગ્લેન્ડની ટીમનું અમદાવાદ એરપોર્ટ પર આગમન

ગાંધીનગર, તા. ૧૮

ત્રીજી ટેસ્ટ મેચ રમવા માટે ઈંગ્લેન્ડ અને ભારતની ટીમ અમદાવાદ આવી પહોંચી છે. બન્ને ટીમોનું અમદાવાદ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. પોતાના માનિતા ક્રિકેટરોમાં એક ઝલક જોવા માટે લોકોએ પડાપડી કરી હતી. એરપોર્ટથી બન્ને ટીમો આશ્રમ રોડ ખાતે આવેલ હયાત હોટલમાં રવાના થઈ છે. આ પહેલા અમદાવાદ એરપોર્ટ પર બન્ને ટીમના ખેલાડીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આશ્રમ રોડ પર આવેલી હયાત હોટલમાં અન્ય વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જણાવી દઈએ કે ભારત અને ઈંગ્લેડ વચ્ચેની ત્રીજી ટેસ્ટ ૨૪ ફેબ્રુઆરીના રોજ મોટેરા ખાતે આવેલા વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે.

ઈંગ્લેન્ડની સામે ચાલી રહેલી ચાર ટેસ્ટ મેચની સીરિઝની ત્રીજી ટેસ્ટ અમદાવાદમાં આવેલા મોટેરા સ્ટેડિયમ ખાતે રમાવાની છે. તમને જણાવી દઈએ કે મોટેરા સ્ટેડિયમ પર આ પહેલી મેચ રમાવા જઈ રહી છે. જેથી તેના ઉદ્ઘાટન પ્રસંગે દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ગૃહમંત્રી અમિત શાહ હાજર રહેશે. ભારત અને ઈંગ્લેડ વચ્ચેની ત્રીજી ટેસ્ટ ૨૪મી ફેબ્રુઆરીએ શરૂ થશે જેથી તેના લોકાર્પણ પ્રસંગે અનેક મહાનુભાવો સ્ટેડિયમ ખાતે ઉપસ્થિત રહેશે.

૨૪મીએ ગૃહમંત્રી અમિત શાહ અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે સ્ટેડિયમનું ઉદ્ઘાટન થવાનુ છે. જેને કારણે હાલમાં સમગ્ર વિસ્તારમાં સઘન ચેકિંગ ચાલી રહ્યુ છે અને તમામ સુરક્ષા એજન્સી હાલમાં હાઈએલર્ટ પર છે. બન્ને ટીમ વચ્ચે ૨ ટેસ્ટ અને ૫ ટી.ટ્વેન્ટી રમાશે. ટી-ટ્વેન્ટી સિરિઝની અંતિમ મેચ ૨૦ માર્ચે રમાશે એટલે કે ઈન્ડિયન ટીમ ૧૮ ફેબ્રુઆરીથી ૨૦ માર્ચ સુધી અમદાવાદમાં જ બાયો-બબલમાં રોકાશે.

આ ઉપરાંત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ જ્યારે ગુજરાત આવશે ત્યારે ૨૩ ફેબ્રુઆરીએ ગાંધીનગરમાં કાર્યક્રમમાં પણ હાજરી આપશે. જ્યાં મહાત્મા મંદિર ખાતે કોન્વોકેશનમાં ભાગ લેશે અને ૨૪ ફેબ્રુઆરીએ મોટેરા સ્ટેડીમનું ઉદ્ઘાટન કરશે. હાલમાં અમદાવાદના મોટેરા સ્ટેડિયમ અને ટીમ રોકાવાની છે તે આશ્રમ રોડ ઉપર આવેલી હોટલમાં ચૂસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોટવવામાં આવી છે.

## સમાચાર રફતાર

- સોનાનો ભાવ ગગડ્યો ૧૦ ગ્રામના રૂ. ૪૬,૪૦૦
- મુંબઈમાં કોરોનાનો કેર વધ્યો, બીએમસીએ ૫૫૦ હાઉસીંગ સોસાયટીઓને સીલ કરવા ચેતવણી આપી.
- ચમૌલી હોનારતમાં અત્યાર સુધી ૫૯ મૃતદેહ મળી આવ્યા હજુ ૨૦૯ લાપત્તા.
- સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતગણતરીનો ચૂકાદો આજે જાહેર થશે.
- પોરબંદરની બે બોટ સાથે ૧૧ માછીમારોના પાક. મરીન દ્વારા અપહરણ.
- ગુજરાતમાં ગણતરીના દિવસોમાં બાયોટેક યુનિ. શરૂ થશે.
- પેટ્રોલના ભાવ વધુ ૩૨ પૈસા વધ્યા, ડીઝલમાં ૩૪ પૈસા વધતા પેટ્રોલનો ભાવ ૮૭.૦૨ અને ડીઝલનો ભાવ ૮૬.૪૦ પર પહોંચ્યો.
- લડાખ વિસ્તારમાં ૩.૭ ની તીવ્રતાવાળો ભૂકંપ.
- ભાજપના સાંસદ રાજીવ પ્રસાદ રુડીને 'ઝેડ' કેટેગરીની સુરક્ષા અપાઈ.
- રાજસ્થાન બાદ મધ્યપ્રદેશમાં પણ પેટ્રોલ ૧૦૦ રૂ. પહોંચ્યો.
- મહારાષ્ટ્રના જળ સંપત્તિ મંત્રી અને એનસીપીના વડા જયંત પાટીલ કોરોના પોઝીટીવ.
- બીટકોઈન પ્રથમવાર ૫૨ હજાર ડોલરની સપાટીએ પહોંચ્યો.

### મતદારોના ઉત્સાહથી કોંગ્રેસની ઉંઘ હરામ

# બાયડ પાલિકા વોર્ડ નં. ૪માં ભાજપાના ઉમેદવારોને મળતુ સમર્થન

## અયોધ્યાનગર વિસ્તારમાં જયશ્રી રામના નારા ગૂંજ્યા



બાયડ, તા. ૧૮

બાયડ પાલિકામાં ભાજપાનો ચૂંટણી પ્રચાર આગળ વધી રહ્યો છે તેમ મતદારો ડરના ઓથામાંથી બહાર આવી ભાજપાના ઉમેદવારોને સમર્થન કરતાં કોંગ્રેસની ઉંઘ હરામ થઈ છે. ગુરૂવારે બાયડ પાલિકા વોર્ડ નં. ૪ ના ઉમેદવારો ભલુભાઈ પી. પટેલ, ડૉ. નીલ હર્ષદભાઈ ચૌધરી, નીરૂબેન ધીરૂભાઈ પટેલ, ભાવનાબેન રમેશભાઈ પંચાલના સમર્થનમાં યોજાયેલ પ્રચાર ઝુંબેશમાં બાયડ શહેર ભાજપા સંગઠન પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, મહામંત્રી બિપીન પ્રજાપતિ, દિપક પટેલ, ઉપપ્રમુખ ઉમેશ જયસ્વાલ સહીત અન્ય વોર્ડના ઉમેદવાર, કાર્યકરો સામેલ થતાં અયોધ્યાનગર વિસ્તાર, ગાબટ રોડ વિસ્તારમાં ભાજપાના ઉમેદવારોને વ્યાપક સમર્થન મળ્યુ હતુ. જ્યારે અયોધ્યાનગર વિસ્તારમાં જયશ્રી રામના નારા ગુંજ્યા હતા.

જિલ્લામાં સાર્વત્રિક સત્તા પરિવર્તનનો પવન ફુંકાયો છે. બાયડ તાલુકામાં જે રીતે ભાજપાએ ૨ તાલુકા પંચાયત બેઠક બિનહરીફ મેળવી અને ડેમાઈ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના ઉમેદવારે છેલ્લા દિવસે ઉમેદવારી પત્ર પાછુ ખેંચતા કોંગ્રેસના વળતા પાણી હોવાનું પ્રજા માને છે. બાયડ પાલિકામાં ભાજપાના તમામ ઉમેદવારોને દરેક વિસ્તારમાં મળતુ જનસમર્થન જોઈ કોંગ્રેસના ઉમેદવારો-કાર્યકરો ડઘાઈ ગયા છે. ત્યારે સટ્ટા બજારમાં પણ જીત માટે ભાજપ બાયડ પાલિકામાં બુકીઓના મતે સૌથી આગળ છે. કોંગ્રેસ પોતાની હાર જોઈ જતાં પ્રચાર કાર્ય તેજ બનાવવાના પ્રયાસ કરે છે પરંતુ કાર્યકરોનો દુકાળ હોય તેવુ અત્યાર સુધી જણાઈ રહ્યુ છે.

### ડેમાઈ જીલ્લા પંચાયત સીટ પરથી ઉમેદવારી પત્ર પરત ખેંચનાર

# કિર્તી પટેલને કોંગ્રેસ પ્રાથમીક સભ્ય પરથી દૂર કર્યા, અપક્ષને સમર્થન આપ્યું

અરવલ્લી જીલ્લા પંચાયત ડેમાઈ સીટના કોંગ્રેસના ઉમેદવાર કીર્તિ પટેલે ફોર્મ પરત ખેંચી લેતા જીલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો કોંગ્રેસે ચૂંટણી પહેલા જ જીલ્લા પંચાયતની એક બેઠક ગુમાવવાનો વારો આવ્યો છે સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં વજઘાત સહન કરવો પડતા કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોમાં નીરાશા ફેલાઈ હતી અરવલ્લી જીલ્લા કોંગ્રેસે અન્ય કોઈ ઉમેદવાર ફોર્મ પરત ન ખેંચે તે માટે સલામત સ્થળે ખસેડી દઈ ડેમેજ કંટ્રોલ કર્યુ હતું અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતીએ પ્રદેશ કોંગ્રેસ સમિતીની સંમતિથી ડેમાઈ સીટ પર કોંગ્રેસ મેન્ડેન્ટ પર ઉમેદવારી કરનાર કિર્તી પટેલને તાત્કાલિક અસરથી કોંગ્રેસના પ્રાથમીક સભ્ય પદેથી દૂર કરવામાં આવ્યા છે અને ડેમાઈ સીટ પરથી અપક્ષ ઉમેદવારી નોંધાવનાર મોહબતસિંહ વાઘસિંહ સોલંકીને ટેકો જાહેર કરી કોંગ્રેસ તરફથી સમર્થન આપી ડેમાઈ સીટ પર



જ્વલંત વિજય મેળવવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો

અરવલ્લી જીલ્લા પંચાયત પૂર્વ ઉપપ્રમુખ અને ડેમાઈ જીલ્લા પંચાયત સીટ પર કોંગ્રેસના મેન્ડેન્ટ પરથી ઉમેદવારી નોંધાવનાર કિર્તી પટેલે તેમનું ફોર્મ પરત ખેંચી લેતા કોંગ્રેસમાં ભૂકંપ જેવી સ્થિતી પેદા થઈ હતી ડેમાઈ બેઠક પરથી ફોર્મ પરત ખેંચી કિર્તી પટેલ બંને મોબાઈલ સ્વીચ ઓફ કરી ભૂગર્ભમાં ઉતરી જતા કોંગ્રેસી નેતાઓમાં ભારે દોડધામ મચી હતી જીલ્લા પંચાયતની ૩૦ બેઠકો પરથી કોંગ્રેસે એક બેઠક ગુમાવવાનો વારો આવ્યો છે કિર્તી પટેલે કોંગ્રેસને ઉંઘતી રાખી ઉમેદવારી પત્ર પરત ખેંચી લેતા કોંગ્રેસે સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ડેમેજ કન્ટ્રોલ અટકાવવા એલર્ટ થઈ ગઈ હતી અને તમામ ઉમેદવારોને અજ્ઞાત સ્થળે મોકલી આપી ડેમેજ કંટ્રોલ કરવા પ્રયત્નશીલ બન્યા હતા ત્યારે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવારે પ્રદેશ કોંગ્રેસની સંમતિથી કિર્તી પટેલન કોંગ્રેસના પ્રાથમીક સભ્યપદે થી દૂર કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું અને ભાજપના ઉમેદવાર સામે અપક્ષ ઉમેદવારી કરનાર મોહબતસિંહ સોલંકીને સમર્થન આપ્યું હતું

# વડગામના રૂપાલમાં સમસ્ત ચૌધરી પરિવાર દ્વારા ડોનેશન કેમ્પ યોજાયો

## કેમ્પમાં યુવાનો દ્વારા ૬૦ બોટલ કરતા વધુ બ્લડ એકત્ર કરવામાં આવ્યું



વડગામ,

વડગામ તાલુકાના રૂપાલ ગામના સમસ્ત ચૌધરી પરિવાર દ્વારા શીતળા માતાજીના મંદિરે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ માં યુવાનો દ્વારા ૬૦ બોટલ કરતા વધુ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું.

વડગામ તાલુકાના રૂપાલ ગામના સમસ્ત ચૌધરી પરિવાર દ્વારા બ્લડ ડોનેશન અને મા વાત્સલ્ય કાર્ડ કાઢવાનો કાર્યક્રમ નું આયોજન ગામમાં આવેલા સુપ્રસિધ્ધ યાત્રાધામ શીતળા માતાના મંદિરે રાખવામાં આવ્યું હતું જેમાં રામ જન્મભૂમિ સમર્પણ નીધિ દ્વારા રામમંદિર માટે ૨૫૦૦૦ કરતો વધુ રૂપિયા ગ્રામજનો ના હસ્તે તાલુકાની રામ મંદિર ટીમને આપવામાં આવ્યા હતા. આ કેમ્પમાં યુવાનો દ્વારા ૬૦ કરતાં વધુ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવી હતી અને ૧૦૦ કરતા વધુ ગ્રામજનોના માં વાત્સલ્ય કાર્ડ કાઢવામાં આવ્યા હતા અને પીલુચા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટર અને સ્ટાફ દ્વારા આવેલા ગ્રામજનોના પ્રાથમિક ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડગામ તાલુકા પંચાયતના પ્રમુખ પરથીભાઈ ગોળ, ટીડીઓ કે. કે ચૌધરી, તાલુકા આરોગ્ય અધિકારી પ્રકાશભાઈ ચૌધરી, ગ્રામ પંચાયતના તલાટી રાકેશ ભાઈ ચૌધરી સહિત ગામના આગેવાનો હાજર રહ્યા હતા.આં સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નરેશભાઈ ચૌધરી,આનંદભાઈ ચૌધરી,પ્રકાશભાઈ ચૌધરી અને ભગવાનભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવી હતુ.

# પાલનપુર માલ ગોડાઉનમાં અનાજના જથ્થાની ઘટ મામલે તપાસનો ધમધમાટ

## જથ્થાની ઘટ મામલે ગાંધીનગર બાદ સ્થાનિક કક્ષાએ તપાસ



પાલનપુરના માલ ગોડાઉનમાં અનાજના જથ્થાની ઘટ મામલે તપાસનો ધમધમાટ શરૂ થયો છે. ત્યારે સમગ્ર પ્રકરણે કેસરિયા બ્રિગેડની સંડોવણીને પગલે ભીનું સંકેલવાના પ્રયાસો હાથ ધરાયા હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે.

પાલનપુરના પુરવઠા નિગમના માલ ગોડાઉનમાં ૬૦૦૦ કિવન્ટલ ઘઉ તેમજ ૨ હજાર ક્વિન્ટલ ચોખાની ઘટ થવાનો મામલો સામે આવ્યો હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે. ત્યારે છેલ્લા ત્રણ દિવસથી તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે.

ગાંધીનગરની તપાસમાં જથ્થાની ઘટ બહાર આવી હોવાની વહેતી થયેલી વાતો બાદ હવે સ્થાનિક પુરવઠા વિભાગે પણ તપાસ હાથ ધરી છે. ૨ નાયબ મામલતદાર સહિત પુરવઠા ઈન્સ્પેકટર ની ટિમો તપાસ ના કામે લાગી છે.

પીએમજી યોજનાના ઘઉં અને ચોખા ની ઘટ ને લઈ તપાસ ચાલુ હોવાના અહેવાલ છે. ત્યારે હજુ ૨ દિવસ પુરવઠા ટિમની તપાસ ચાલશે.

ગાંધીનગર પુરવઠા ની ઓચિંતી તપાસ મા ઘટ બહાર આવી હોવાની બહાર આવેલી માહિતી બાદ સ્થાનિક પુરવઠા ટીમે પણ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. જોકે, જિલ્લા પુરવઠા વિભાગનું માનીએ તો રેકર્ડમાં ભૂલ હોઈ તપાસ કરવામાં આવી રહી છે. જ્યારે અનાજના કાળા બજારીયાઓમાં ચર્ચાતી વાતો મુજબ કોઈ કેસરિયા બ્રિગેડના હોદ્દેદારની સંડોવણને પગલે સમગ્ર મામલે ગોદડી ગોટે વાળવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ત્યારે જિલ્લા કલેકટર અંગત રસ લઈ સત્ય હકીકત બહાર લાવે તે જરૂરી બન્યું છે.

# ડીસાની પ્રાથમિક શાળામાં ૯ બાળકો અને બે શિક્ષકો સંક્રમિત

ડીસા, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લામાં એક તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ગરમાવો છે જ્યારે બીજી તરફ સરકાર દ્વારા શાળાના અમુક વર્ગો શરૂ કરી દેવામાં આવ્યા છે. ત્યારે ડીસામાં કોરોનાએ ફરી દેખા દેતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. ડીસાની રાયસણ પ્રાથમિક શાળામાં ૧૧ કોરોના પોઝીટીવ કેસ સાથે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

શાળાઓ ખુલતા જ કોરોના સંક્રમણ વધ્યુ છે. કોરોનાનુ સંક્રણ વધતા શાળા એક અઠવાડીયા માટે બંધ કરવામાં આવી છે. ઘટનાની જાણ થતા જ તંત્ર પણ હરકતમાં આવ્યુ છે.

વૈશ્વિક કોરોના કાળને લઈ ઉત્તર ગુજરાત જિલ્લાની પ્રાથમિક સ્કૂલોમાં છેલ્લા એક વર્ષથી વિદ્યાર્થીઓનુ શિક્ષણ કાર્ય બંધ હતુ. જો કે દિવાળી બાદ રાજ્યમાં કોરોના અંકુશમાં આવતા સરકાર દ્વારા સ્કૂલોમાં તબક્કાવાર શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવી રહ્યુ છે જેમાં અગાઉ માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલોમાં શિક્ષણ શરૂ કર્યા બાદ ગુરૂવારે પ્રાથમિક સ્કૂલોમાં ધો. ૬ થી ૮ ના વર્ગો શરૂ કરવામાં આવી રહ્યા હોઈ ઉત્તર ગુજરાતની પ્રાથમિક સ્કૂલોમાં કોરોનાની ગાઈડલાઈન મુજબ ધો. ૬ થી ૮ માં નોંધાયેલા વિદ્યાર્થીઓનુ શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવ્યુ છે.

રાજ્ય સરકારે મહત્વની ગાઈડલાઈન જાહેર કર્યા બાદ સ્કૂલો શરૂ કરવાની મંજૂરી આપી છે. પરંતુ શાળાઓ ખુલતા જ કોરોના સંક્રમણ વધતા ચિંતામાં વધારો થયો છે. બીજી તરફ શાળામાં ૧૧ લોકો કોરોના પોઝીટીવ આવતા વાલીઓમાં ફફડાટ ફેલાયો છે. બીજી તરફ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એકઠી થઈ રહેલી ભીડને કારણે કોરોના ફરી માંથુ ઉંચકે તેવી ભીતિ ઉભી થઈ છે.

### ધો. ૬ થી ૮ ના શિક્ષણકાર્યના પ્રારંભ પહેલા

# પ્રાતિજની બે શાળાના પાંચ શિક્ષકો કોરોના પોઝીટીવ

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લામાં એક તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ગરમાયો છે જ્યારે બીજી તરફ સરકાર દ્વારા શાળાના અમુક વર્ગો શરૂ કરી દેવામાં આવ્યા છે. ત્યારે પ્રાંતિજમાં કોરોના ફરી વકરતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. પ્રાંતિજની બે ખાનગી શાળાના એક મહિલા સહિત પાંચ શિક્ષકોનો રીપોર્ટ કોરોના પોઝીટીવ આવતા શિક્ષણ જગતમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાંતિજ શહેરમાં સીનેમા રોડ પર આવેલી સર્વોદય વિદ્યાલયમાં એક મહિલા આચાર્ય સહિત અન્ય ત્રણ શિક્ષકોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે એક્સપેરિમેન્ટલ હાઈસ્કૂલના બે શિક્ષકોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા પ્રાંતિજમાં એક મહિલા સહિત પાંચ શિક્ષકોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા પ્રાંતિજ શહેરમાં બાળકોને શાળાએ મોકલતા વાલીઓમાં પણ ચિંતા જોવા મળી છે. જ્યારે બીજી તરફ કેટલાક બાળકો હજુ પણ શાળામાં માસ્ક પહેર્યા વિના ફરતા જોવા મળ્યા હતા.

આ અંગે પ્રાંતિજ તાલુકા આરોગ્ય અધિકારીને પૂછતા તે પ્રાંતિજમાં શિક્ષકોને કોરોનાના કેસ અંગે અજાણ હોવાનુ જણાવ્યુ હતુ. પ્રાંતિજ શહેરની બજારોમાં પણ લોકો કોરોના ચાલ્યો ગયો હોય એમ માસ્ક બાંધ્યા વિના ખુલ્લેઆમ ફર્યા કરે છે. જ્યારે તાજેતરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પોતાના ઉમેદવારીપત્રો ભરવા ઉમેદવાર મોટી સંખ્યામાં માણસો લઈને આવતા હતા. તેથી હજુ પણ કોરોનાનુ સંક્રમણ વધે તેવી ભીતી સેવાઈ રહી છે.

# પાલનપુરની ગોગા પાર્ક સોસાયટીના બંધ મકાનના તાળા તૂટ્યા

પાલનપુર શહેરના જગાણા હાઈવે પર આવેલી ગોગા પાર્ક સોસાયટીના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા હતા. જેઓ દરદાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ. ૧,૬૫,૦૦૦ ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. દરમિયાન, પોલીસે ગુનો નોંધી તસ્કરોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે. પાલનપુર શહેરના જગાણા હાઈવે સ્થિત ગોગા પાર્ક સોસાયટીમાં મકાન નં.૧૧ માં રહેતા ૬૦ વર્ષીય દિલીપ કુમાર અમરતલાલ મોઢ પોસ્ટ એજન્ટ તરીકે કામ કરે છે. જેઓ અમદાવાદ ગયા હતા. ત્યારે તકનો લાભ ઉઠાવી તસ્કરો ગત ૧૩મી ફેબ્રુઆરીએ તેમના બંધ મકાનમાં ત્રાટકયા હતા. જ્યાંથી તસ્કરોએ રૂ. સવા લાખની રોકડ રકમ અને દર દાગીના મળી રૂ.૧,૬૫૦૦૦ ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

અમદાવાદથી પરત આવતા મકાન માલિકને તાળા તૂટ્યા હોવાની જાણ થતાં તેઓએ પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## ધનવર્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

૭૫ લાખ રૂપિયા રાખી હતી. મુંબઈ ઈન્ડિયન્સ, પંજાબ કિંગ્ઝ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે પણ મોરીસને ખરીદવા માટે બોલી લગાવી પણ છેલ્લે રાજસ્થાને જ બાજી મારી લીધી. ચેતેશ્વર પુજારાને ચેન્નાઈ સુપર કિંગ્સએ ખરીદ્યો છે. તેની બેઈઝ પ્રાઈઝ ૫૦ લાખ હતી અને ૫૦ લાખમાં જ વેચાયો હતો.

ક્રિસ મૉરિસને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમે આ વર્ષે રિલીઝ કરી દીધો હતો. મૉરિસે છેલ્લી સિઝનમાં આરસીબી માટે બૉલર તરીકે શાનદાર પ્રદર્શન કર્યુ હતુ. છેલ્લી ઓવરોમાં તે પોતાની જોરદાબ બેટિંગથી કોઈ પણ બૉલરને પછાડી શકતો હતો.

ઓસ્ટ્રેલિયાના યંગ ક્રિકેટર રિચર્ડસને બધાને ચોંકાવી દીધા હતા. ઓસ્ટ્રેલિયા માટે ૯ આંતરરાષ્ટ્રીય મેચ રમનારા જાય રિચર્ડસનને પંજાબ કિંગ્સ ટીમે ૧૪ કરોડ રૂપિયામાં પોતાની ટીમમાં શામેલ કર્યો છે. કોઈને પણ આવી આશા નહોતી કે રિચર્ડસન પર આટલી બોલી લાગશે. તેની બેઝ પ્રાઈઝ ૧.૫ કરોડ રૂપિયા હતી. પરંતુ પંજાબ અને બેંગ્લોરની ટીમે તેના પર સારી બોલી લગાવી હતી અને મોટી કિંમતમાં પંજાબ કિંગ્સે રિચર્ડસનને પોતાની ટીમમાં લઈ લીધો હતો.

## હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પર મંત્રીજી પોતાની ટ્રેનની રાહ જોઈ રહ્યા હતા.ત્યારે રાત્રે ૧૦ વાગ્યે તેમના પર બોમ્બથી હુમલો કરવામાં આવ્યો હતો. જેમા જંગીપુરાના ધારાસભ્ય અને રાજ્ય મંત્રી ઝાકિર હુસૈન અને અન્ય બે વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને તાબડતોબ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મંત્રી ઉપરાંત ૨૦ લોકો ઘાયલ થયા છે. જેમાંથી ૫ લોકો ગંભીર રીતે ઘાયલ છે. તમામને મુર્શિદાબાદ મેડિકલ કોલેજમાં દાખલ કરાયા હતા. પાંચ ગંભીર રીતે ઘાયલ લોકોને કોલકાતા શિફ્ટ કરાયા છે. હોસ્પિટલમાં એક અધિકારીએ જણાવ્યું કે મંત્રીને પગ અને પેટના નીચેના ભાગમાં ઈજાઓ થઈ છે. બીજી બાજુ તૃણમૂલ કોંગ્રેસના નેતા અને વરિષ્ઠ મંત્રી મલય ઘટકે આ હુમલા માટે પાર્ટીના રાજનીતિક પ્રતિદ્વંદ્વીઓને જવાબદાર ઠેરવ્યા છે. જ્યારે તૃણમૂલથી નિષ્કાષિત કરાયેલ અને મુર્શિદાબાદ જિલ્લા પરિષદના સભાધિપતિ મુશર્રફ હુસૈને દાવો કર્યો છે કે આ હુમલો પાર્ટીના આંતરિક વિખવાદનું પરિણામ છે.

## પડતો મૂક્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યું હતું. સુપ્રીમ કોર્ટના મતે પૂર્વ જસ્ટિસ એ કે પટનાયકના રિપોર્ટમાં ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ વિરુદ્ધ ષડયંત્રનો સ્વીકાર કરાયો છે અને તેને રદ કરી શકાય નહીં. સુપ્રીમ કોર્ટના મતે આ કેસને બે વર્ષ વિત્યા છે અને ગોગોઈને ફસાવવા માટેના ષડયંત્રની તપાસમાં ઈલેક્ટ્રોનિક રેકોર્ડ પ્રાપ્ત કરવાની સંભાવના પાતળી જણાય છે. સુપ્રીમ કોર્ટના વકીલ ઉત્સવ બૈંસે પૂર્વ સીજેઆઈ રંજન ગોગોઈ પર લગાવાયેલા જાતિય શોષણના આક્ષેપો પાછળ ષડયંત્ર હોવાનો દાવો કર્યો હતો.

## પદવીદાન સમારોહ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુવાનોને શિક્ષિત-પ્રશિક્ષિત કરવા અને એના માટે વિશેષ પ્રકારના અભ્યાસક્રમો તૈયાર કરવા, અધ્યયન-અધ્યાપન દ્વારા નવીનતમ વિચારોને લોકો સુધી પહોચાડવા, લોકકલ્યાણ માટેના સંશોધનો દ્વારા નવા જ્ઞાનનું સર્જન કરવા ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય કટિબદ્ધ છે. આ સંદર્ભમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના મહત્વના આયામોને પ્રભાવી રીતે લાગુ કરવા વિશ્વવિદ્યાલય દઢ સંકલ્પિત છે અને એ દિશામાં નિરંતર પરિસંવાદો, કાર્યશાળાઓનું આયોજન થતું રહે છે.

૧૨ વર્ષના ટૂંકા ગાળામાં જ ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય શિક્ષણના ક્ષેત્રમાં મહત્વનું કેન્દ્ર બની ગઈ છે. અહીના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા થયેલ સંશોધનોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે. એનઆઈઆરએફ ૨૦૧૬ના રેંકિંગમાં આ વિશ્વવિદ્યાલયને ભારતમાં ૬૦મુ સ્થાન મળ્યું હતું અને ગુજરાતના વિશ્વવિદ્યાલયોમાં બીજું સ્થાન મળ્યું હતું. એનઆઈઆરેફ ૨૦૧૭ અનુસાર ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય દેશના મહત્વના ૧૫૦માંથી એક છે. ઉપરાંત આઉટલુક-૨૦૨૦ના સર્વેમાં ભારતની કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં ૧૮મું સ્થાન પ્રાપ્ત થયું છે.ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયમાં ૧૧ સ્કૂલ ઓફ સ્ટડીઝ અને એક વિશેષ કેન્દ્રના માધ્યમથી વિવિધ વિષયોનુ શિક્ષણ પર પાઠવવામાં આવે છે.

## ૧૦ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે સે. ૪, ૫, ૨૧, ૨ અને ૩ માંથી કેસો મળી આવ્યા છે. તંત્ર દ્વારા આ દર્દીઓના હોમ આઈસોલેશન મંજૂર કરવામાં આવ્યા છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

## ઢોલ ઢબુક્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં ૮૨૦ મતદાન મથકોમાંથી ૧૯૬ મતદાન મથકો સંવેદનશીલ અને ૮૦ મતદાન મથકો અતિ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાં ૫૪ સંવેદનશીલ અને ૪૩ અતિ સંવેદનશીલ મથકો છે તો કલોલમાં ૪૫ સંવેદનશીલ અને ૨૨ અતિ સંવેદનશીલ મતદાન મથકો છે. માણસા તાલુકામાં ૩૫ સંવેદનશીલ અને ૮ અતિ સંવેદનશીલ મથકો છે તો ગાંધીનગરમાં ૬૨ સંવેદનશીલ અને ૭ અતિ સંવેદનશીલ મતદાન મથકો છે.

જિલ્લામાં નિષ્પક્ષ અને ભયમુક્ત વાતાવરણમાં મતદાન થાય તે માટે તંત્ર સાબદુ બન્યુ છે. જિલ્લામાં આચારસંહિતાનો અમલ પણ બરાબર થાય તે જોવાશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મતદાન મથકો માટેના ડિસ્પેચીંગ અને રિસીવીંગ સેન્ટરો પર કોરોનાની ગાઈડલાઈનનો ચુસ્તતાથી અમલ થાય તે પણ જોવામાં આવશે.

## દશા સુધારવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે નાયય મુખ્યમંત્રીએ ખર્ચની ફાળવણી કરતા આગામી દિવસોમાં બાકી રહેતા માર્ગોની સુધારણાના કામો પુરા કરી દેવાશે. માર્ગોની સુધારણા માટે ખર્ચની રકમ ફાળવવામાં આવતા મેયર તેમજ મહાનગર ભાજપના અધ્યક્ષ રૂચિર ભટ્ટે તેમના પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.